# અનોખી લશ્કરી મૈત્રીઓ


સીડીએસ (CDS) સાથે ત્રણેય સેનાઓના વડા - ડાબેથી: જનરલ એમ.એમ. નરવણે, એડમિરલ કરમબીર સિંહ, જનરલ બિપિન રાવત (સીડીએસ) અને એર ચીફ માર્શલ આર.કે.એસ. ભદૌરિયા.

**એ જ રીતે ઇતિહાસ તપાસતાં એવા દેશો પણ મળી રહે છે, જ્યાં તે દેશના લશ્કરની ત્રણેય પાંખના વડા એકેડેમીના બેચમેટ્સ અથવા તો સ્કૂલમેટ્સ કે કોલેજમેટ્સ હોય**

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

આજે ફ્રેન્ડશિપ ડે. આ સંદર્ભે આજે જે વાત કરવી છે તે જોતાં સૌપ્રથમ આદિમાનવનો યુગ બહુ ટૂંકમાં સંભારીએ. જીવવિજ્ઞાનની દૃષ્ટિએ એમ કહી શકાય કે આદિમાનવનો સૌથી મોટો પ્રશ્ન ગમે તે સંજોગોમાં પોતાનું જીવન ટકાવી રાખવાનો હતો. એટલે આદિમાનવનું મગજ જોખમ અને ખતરાને સૌથી પહેલાં, કહો કે તાકીદના ધોરણે, પારખતું હતું અને એ જ રીતે એનો પ્રત્યાઘાત અને પ્રત્યુત્તર પણ આપતું હતું. એ પછી પસાર થતા સમયની સાથે આદિમાનવ ટોળામાં અને જૂથમાં રહેતો થયો. હેતુ એક જ– જંગલી જાનવરના અચાનક થતા હુમલા સામે શક્ય તેટલું સુરક્ષિત રહેવું. પણ આદિમાનવ આ રીતે જૂથમાં રહેતો થયો, તેમાંથી દુશ્મની અને મિત્રતા જેવા મૂળભૂત માનવસંબંધો વિકસ્યા.

જોકે આપણે અહીં દુશ્મનીની વાત નહીં કરીએ, કારણ કે તેનો તો કોઈ ડે હોતો નથી અને હોવો પણ ન જોઈએ, કારણ કે દુશ્મની યાદ રાખવા માટે હોતી નથી. ખેર, મિત્રતા એટલે કે ફ્રેન્ડશિપ ડે ઉજવાય છે ત્યારે કહેવું જોઈએ કે મૈત્રી એ મૂળભૂત માનવસંબંધ છે. બીજા શબ્દોમાં કહીએ તો લગભગ અન્ય દરેક માનવસંબંધ મૈત્રીના મૂળભૂત ખ્યાલ પર ટકેલો છે.

આ જ તરજ પર અનોખી લશ્કરી મૈત્રીઓની વાત કરીએ ત્યારે કહેવું પડે કે વિશ્વનો લશ્કરી ઈતિહાસ તપાસતાં એવા તો કેટલાય દાખલા મળે છે કે બે સૈનિકોએ કે બે લશ્કરી અધિકારીઓએ એક જ તાલીમી સંસ્થામાં સાથે બેચમેટ્સ તરીકે તાલીમ લીધી હોય અને પછી બે અલગ-અલગ દેશોના વડા બન્યા હોય. ત્યારબાદ એ બે દેશો વચ્ચે યુદ્ધ થાય ત્યારે પોતપોતાના દેશના સૈન્યનું નેતૃત્વ કરીને યુદ્ધમાં સામસામે લડ્યા પણ હોય.

એ જ રીતે એવા પણ અનેક દાખલા મળી રહે છે કે જ્યારે બંને વિશ્વયુદ્ધમાં તેઓ પરસ્પરના શત્રુ તરીકે લડ્યા હોય, કેમ કે એ એમની સત્તાવાર ફરજનો હિસ્સો હતો; પરંતુ બંને વિશ્વયુદ્ધનો એ ખતરનાક કાળખંડ વીતી ગયાના વર્ષો પછી બંને પક્ષે લડી ચૂકેલા એ સૈનિકો અને અધિકારીઓ એકબીજાના મિત્રો બની ગયા હોય. એ જ રીતે ઈતિહાસ તપાસતાં એવા દેશો પણ મળી રહે છે, જ્યાં તે દેશના લશ્કરની ત્રણેય પાંખના વડા એકેડેમીના બેચમેટ્સ અથવા તો સ્કૂલમેટ્સ કે કોલેજમેટ્સ હોય. આમ તો આને યોગાનુયોગ જ કહી શકાય, કારણ કે આવું વારંવાર બનતું નથી. ગણ્યાગાંઠ્યા કિસ્સાઓમાં જ બને છે. આમ છતાં આ બાબત નોંધપાત્ર તો છે જ. યાદી કરીએ તો આવા ઘણા દેશો મળે, પરંતુ સરળતા ખાતર અહીં માત્ર ત્રણ દેશો–ભારત, રશિયા અને સિંગાપોર–ની વાત કરીએ. સૌપ્રથમ ભારતની વાત કરીએ અને એમાં બહુ દૂરના ઈતિહાસમાં ન જતાં 1991થી અત્યાર સુધીની વાત કરીએ તો 1991માં તત્કાલીન આર્મી ચીફ જનરલ એસ. એફ. રોડ્રિગ્સ, તત્કાલીન નેવી ચીફ એડમિરલ એલ. એન. રામદાસ અને તત્કાલીન એરફોર્સ ચીફ એર ચીફ માર્શલ એન. સી. સૂરી NDAના બેચમેટ્સ હતા. એ જ રીતે 2020માં તત્કાલીન આર્મી ચીફ જનરલ એમ. એમ. નરાવણે, તત્કાલીન નેવી ચીફ એડમિરલ કરમબીર સિંહ અને તત્કાલીન એરફોર્સ ચીફ એર ચીફ માર્શલ આર. કે. એસ. ભદૌરિયા NDAના 56મા કોર્સના બેચમેટ્સ હતા. એમ જ 2022-23માં તત્કાલીન આર્મી ચીફ જનરલ મનોજ પાંડે, તત્કાલીન નેવી ચીફ એડમિરલ આર. હરિ કુમાર અને તત્કાલીન એરફોર્સ ચીફ એર ચીફ માર્શલ વી. આર. ચૌધરી 61મા કોર્સના બેચમેટ્સ હતા. એ જ રીતે 2024થી અત્યાર સુધીની વાત કરીએ તો ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને વર્તમાન એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહ NDAના 65મા કોર્સના બેચમેટ્સ હતા. તો વળી, ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને ભૂતપૂર્વ નેવલ ચીફ એડમિરલ દિનેશ કુમાર ત્રિપાઠી સૈનિક સ્કૂલમાં સ્કૂલમેટ્સ હતા. હવે જ્યાં સુધી રશિયા અને સિંગાપોરનો પ્રશ્ન છે, તો આ મુદ્દે એવો ઉલ્લેખ ચોક્કસ મળે છે કે આ બંને દેશોના લશ્કરોને વિવિધ સમયગાળા દરમિયાન બેચમેટ્સ અને સ્કૂલમેટ્સે નેતૃત્વ પૂરું પાડ્યું હતું. જોકે સુરક્ષાનાં કારણોસર આ તમામ વડાઓનો સ્વતંત્ર વિગતવાર ઉલ્લેખ મળે છે, પરંતુ તે સૌ વચ્ચે કોઈ પણ તબક્કે મૈત્રી હતી એવો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી.


એસ.એફ. રોડ્રિગ્સ, એલ.એન. રામદાસ અને એન.સી. સૂરી

ખેર, અનોખી લશ્કરી મૈત્રીઓની વાત કરીએ અને ભારતીય લશ્કરના સંદર્ભે કારગિલ યુદ્ધ તથા એમાં કેપ્ટન વિક્રમ બત્રા, મેજર અજય જસરોટિયા, રાઈફલમેન સંજય કુમાર અને કેપ્ટન અનૂજ નાયર વગેરેને તો કેમ ભૂલાય? આમાં કેપ્ટન વિક્રમ બત્રા, મેજર અજય જસરોટિયા અને રાઈફલમેન સંજય કુમાર એક જ રેજિમેન્ટ (13 JAK Rifles)નો હિસ્સો હતા, જ્યારે કેપ્ટન અનૂજ નાયર અન્ય રેજિમેન્ટ (17 Jat)માં હતા. હવે આમાં કેપ્ટન વિક્રમ બત્રા અને મેજર અજય જસરોટિયા વચ્ચે ખાસ મૈત્રી હતી. મેજર અજય જસરોટિયા કેપ્ટન વિક્રમ બત્રા કરતાં પહેલાં શહીદ થયા હતા. એ જ રીતે કેપ્ટન વિક્રમ બત્રા (13 JAK Rifles) અને કેપ્ટન અનૂજ નાયર (17 Jat) NDAના બેચમેટ્સ હતા અને તેમણે સાથે જ કેટલીક તાલીમ પણ લીધી હતી. એટલે એ બંને અલગ રેજિમેન્ટમાં હોવા છતાં ખૂબ નિકટના મિત્રો હતા. આમાં રાઈફલમેન સંજય કુમાર સિવાયના બધા જ મિત્રોની શહીદીની કથાઓ આજે ભારતીય લશ્કરના ઈતિહાસનો એક ઉજ્જવળ હિસ્સો છે. ટૂંકમાં, લશ્કરી મૈત્રીઓ ખરેખર અનોખી હોય છે.


ઉપેન્દ્ર દ્વિવેદી, ડી.કે. ત્રિપાઠી અને એ.પી. સિંહ



# દક્ષિણની ફિલ્મ માટેના રીવ્યુ અને રેટિંગ્સ કાગળ પર જ રહી ગયા?!

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

દક્ષિણની ફિલ્મોમાં મોટો સ્કેલ અને માસ-મસાલો હોય છે, જ્યારે હોલિવૂડ પાસે અદ્ભુત વિઝ્યુઅલ ઈફેક્ટ્સ હોય છે. તેથી હિન્દી ફિલ્મો ઘણીવાર આ બંનેની વચ્ચે દબાઈ જાય છે? એવો પ્રશ્ન થવાનું કારણ એ છે કે દક્ષિણની ‘જન નાયગન’ મોટી હિટ બની છે અને હોલિવૂડની ‘સ્પાઈડર-મેનઃ બ્રાન્ડ ન્યુ ડે’ માટે પણ ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. હવે નાના કે મધ્યમ બજેટની સામાન્ય વાર્તાવાળી ઘણી હિન્દી ફિલ્મો થિયેટરમાં ખાસ ચાલતી જ નથી. દર્શકો વિચારે છે કે બે મહિના પછી ફિલ્મ OTT પર આવી જ જવાની હોવાથી થિયેટરમાં 500 ખર્ચવાની જરૂર નથી. બોલિવૂડ ખતમ થઈ ગયું છે એવું નથી, પરંતુ હવે પ્રેક્ષકો ખૂબ જ પસંદગીયુક્ત બની ગયા છે. જો વાર્તામાં દમ ન હોય કે સિનેમાઘર જેવો ભવ્ય અનુભવ ન મળે, તો હિન્દી ફિલ્મો માટે દક્ષિણ અને હોલિવૂડના વાવાઝોડા સામે ટકી રહેવું મુશ્કેલ બની રહે છે. તાજેતરમાં દક્ષિણના સુપરસ્ટાર થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ ‘જન નાયગન’ થિયેટરોમાં આવી અને પહેલા જ વીકએન્ડમાં 120 કરોડથી વધુની કમાણી કરી. ફિલ્મને નકારાત્મક કે મધ્યમ પ્રતિસાદ મળવા છતાં બોક્સ ઓફિસ પર જે કમાણી થઈ તેની પાછળ કેટલાંક ખાસ કારણો છે. સૌથી મોટું કારણ એ છે કે વિજય હવે તમિલનાડુના રાજકારણમાં સક્રિય થઈ ગયા છે અને આ તેમની છેલ્લી ફિલ્મ માનવામાં આવી રહી છે. ચાહકો માટે આ માત્ર મનોરંજન નહોતું, પરંતુ પોતાના પ્રિય અભિનેતાને છેલ્લી વખત મોટા પડદા પર જોઈને વિદાય આપવાની એક ભાવનાત્મક ક્ષણ હતી.

**જો વાર્તામાં દમ ન હોય કે સિનેમાઘર જેવો ભવ્ય અનુભવ ન મળે, તો હિન્દી ફિલ્મો માટે દક્ષિણ અને હોલિવૂડના વાવાઝોડા સામે ટકી રહેવું મુશ્કેલ બની રહે છે**

દક્ષિણ ભારતમાં, ખાસ કરીને તમિલનાડુમાં, વિજયનું સ્ટારડમ અભૂતપૂર્વ છે. ચાહકો માટે ફિલ્મની સમીક્ષા કે વાર્તા કરતાં વિજયની સ્ક્રીન પ્રેઝન્સ, ડાન્સ, એક્શન અને ડાયલોગ ડિલિવરી વધુ મહત્વ ધરાવે છે. ભલે આ ફિલ્મ તેલુગુ હિટ ‘ભગવંત કેસરી’ પરથી પ્રેરિત હોય, પરંતુ નિર્માતા-નિર્દેશકે તેને વિજયની ઈમેજને અનુરૂપ હાઈ-વોલ્ટેજ એક્શન અને સીટીમાર દૃશ્યોથી સજાવી છે. જે દર્શકોને થિયેટરમાં માત્ર મનોરંજન અને એક્શન જોઈએ છે, તેમને આ ફિલ્મનો મસાલો પસંદ પડ્યો છે.

આ પરથી કહી શકાય કે જ્યારે કોઈ સુપરસ્ટારનો ક્રેઝ અને તેની છેલ્લી ફિલ્મની લાગણી એકસાથે ભેગાં થાય, ત્યારે રિવ્યૂ અને રેટિંગ્સ માત્ર કાગળ પર જ રહી જાય છે અને બોક્સ ઓફિસ પર માત્ર કમાણીની જ ગણતરી થાય છે. ‘જન નાયગન’માં બોબી દેઓલના ખાસ વખાણ થયા નથી, છતાં તેમની કારકિર્દીને તેનો લાભ થયો છે. ‘એનિમલ’ના અબરાર હકના પાત્રથી શરૂ થયેલી બોબીની વિલન તરીકેની સફર આજે પેન-ઈન્ડિયા સિનેમા માટે સૌથી સફળ સાબિત થઈ રહી છે. કોવિડ પછી બોબી દેઓલે બોલિવૂડથી લઈને તમિલ અને તેલુગુ સિનેમામાં વિલન તરીકે જે બીજી ઈનિંગ શરૂ કરી છે, તેમાં તેમની ફિલ્મોનું વૈશ્વિક કલેક્શન 1,578 કરોડ સુધી પહોંચી ગયું છે. ‘એનિમલ’ પછી તેમની તમામ ફિલ્મોએ 100 કરોડથી વધુની કમાણી કરી છે.

બાકી ફિલ્મ અંત સુધી પહોંચતાં રાજકીય ડ્રામામાંથી સાયન્સ-ફિક્શન અથવા સુપરહીરો ફિલ્મ જેવી દિશામાં વળી જાય છે. એવું લાગે છે કે થલાપતિ વિજય જેવા અભિનેતા માટે છેલ્લી ફિલ્મ તરીકે ‘લિયો’ અથવા ‘લિયો 2’ જેવી ફિલ્મ હોવી જોઈએ હતી અથવા તો કોઈ વધુ સારા નિર્દેશક સાથે કામ કરવું જોઈએ હતું, જેથી તેમનું અંતિમ પરફોર્મન્સ સદા માટે લોકોના દિલમાં વસી જાય. દક્ષિણ ભારતની જેમ હવે હોલિવૂડ ફિલ્મો પણ ભારતીય માર્કેટમાં, ખાસ કરીને હિન્દી બેલ્ટમાં, મોટો પડકાર ઊભો કરી રહી છે. ક્રિસ્ટોફર નોલાનની મહાકાવ્ય સમાન ફિલ્મ ‘ધ ઓડિસી’એ માત્ર 11 દિવસમાં વિશ્વભરમાં 5,300 કરોડથી વધુનું જંગી કલેક્શન કર્યું છે. ‘ધ ઓડિસી’ જેવી હોલિવૂડ ફિલ્મો IMAX અને 3D કેમેરાથી એવી રીતે શૂટ થાય છે કે દર્શકોને થિયેટરમાં જઈને જ જોવાનો મોહ થાય.

હિન્દી ફિલ્મોમાં મોટાભાગે સામાન્ય ડ્રામા, રોમાન્સ કે કોમેડી જોવા મળે છે. હવે હોલિવૂડ ફિલ્મો માત્ર અંગ્રેજીમાં જ નથી આવતી, પરંતુ હિન્દી, તમિલ અને તેલુગુ ભાષામાં સ્થાનિક તડકા તથા જાણીતા કલાકારોના ડબિંગ સાથે રજૂ થાય છે. ક્રિસ્ટોફર નોલાન, માર્વલ અને ‘અવતાર’ જેવી ફિલ્મો ભારતના B અને C ગ્રેડના શહેરો સુધી પહોંચી ગઈ છે અને હિન્દી ફિલ્મોના શો પણ છીનવી રહી છે. જેમ દક્ષિણની ફિલ્મો પહેલા જ વીકએન્ડમાં 100થી 200 કરોડની કમાણી કરી લે છે, તેમ હોલિવૂડની મોટી ફિલ્મો પણ રિલીઝ થતાં જ એડવાન્સ બુકિંગના આધારે થિયેટરો હાઉસફુલ કરી દે છે. તેના કારણે એ જ સમયે રિલીઝ થતી મધ્યમ બજેટની હિન્દી ફિલ્મોને પૂરતી સ્ક્રીનો પણ મળતી નથી. એક તરફ દક્ષિણ ભારતનો માસ ક્રેઝ છે અને બીજી તરફ હોલિવૂડનો VFX તથા ભવ્ય સ્કેલ છે. જો બોલિવૂડ પોતાની વાર્તાઓ અને મોટા પડદાના ભવ્ય અનુભવ પર ધ્યાન નહીં આપે, તો હિન્દી થિયેટરોમાં દક્ષિણ અને હોલિવૂડનો જ દબદબો રહેશે. હાલમાં હોલિવૂડની ‘સ્પાઈડર-મેનઃ બ્રાન્ડ ન્યુ ડે’ અને ‘અવેન્જર્સઃ ડૂમ્સડે’ના ટ્રેલરોએ સોશિયલ મીડિયા પર હિન્દી ફિલ્મો કરતાં વધુ ગરમાવો સર્જ્યો છે. ટ્રેડ રિપોર્ટ્સ અને એડવાન્સ બુકિંગના અંદાજ મુજબ ‘સ્પાઈડર-મેનઃ બ્રાન્ડ ન્યુ ડે’ ભારતમાં પહેલા જ દિવસે 50 કરોડથી વધુની કમાણી કરી શકે છે.

## ઓટોગ્રાફ!


રાજકુમાર સંતોષી અને સની દેઓલની જોડી ફરી એકવાર સાથે આવી છે. 14 ઓગસ્ટે રિલીઝ થનારી ‘બંટવારા 1947’નું ટ્રેલર સામે આવ્યું છે. તેમાં સની દેઓલનો ગુસ્સો જોઈને તો એવું કહી શકાય કે પાકિસ્તાનમાં બેઠેલા લોકો પણ ટ્રેલર જોતી વખતે પોતાના ટીવીનો અવાજ થોડો ધીમો કરી દેતા હશે!

# મહોલ્લે મહોલ્લે મહાભારત..!

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

દેશમાં ભાગ્યે જ કોઈ મહોલ્લો એવો હશે, જ્યાં લોકો વચ્ચે અથડામણ ન થઈ હોય. વર્ષો પહેલાં અમે એક સોસાયટીમાં ભાડે રહેતા હતા. ત્યાં રામ-રાવણ બાજુબાજુમાં રહેતા હોય તેમ રોજ ઝઘડા થતા હતા. “તેં અમારા છોડ પરથી ફૂલ કેમ તોડ્યાં?” કહી બે પાડોશી લડે. તો વળી, “તેં તારા ઘરનો કચરો અમારા આંગણામાં કેમ ફેંક્યો?” કહી બીજો પાડોશી વળતો જવાબ આપે. આવી લડાઈ રોજેરોજ થતી. લોકો કંટાળીને કહેતા, “આ મહોલ્લો જ છોડી દેવા જેવો છે!” જવાબમાં બચુભાઈ કહેતા, “ક્યાં જશો? બધે જ આવું છે. દેશની પ્રજાને ઝઘડો પચી ગયો છે. એક વાર તો આપણાં જ બે રાજ્યો તેમની સરહદના પ્રશ્ને સામસામા આવી ગયાં હતાં. આ તો ઠીક, પણ એક નદીના પાણી માટે પણ આપણાં બે રાજ્યો વચ્ચે ઝઘડા થયા હતા.” બે માણસો આપસમાં રામ-લક્ષ્મણ જેવી આત્મીયતા ધરાવતા હોય, પણ અસલમાં એ દેખાવ માત્ર હોય છે. કોઈને ત્યાં છોકરાનાં લગ્ન નક્કી થયાં હોય, તો બીજો પાડોશી વેવાઈને નનામો પત્ર લખીને લગ્ન ભંગ કરાવે. અને તે બીજું કોઈ નહીં, બેમાંથી કોઈ એક પાડોશી જ એમાં ભૂંડો ભાગ ભજવે. તેઓ એકમેક સાથે મળી ગયા હોય અને આપસમાં લડવાનો જૂઠો નાટક કરે. સૌને સંભળાય તેવી કાળજી રાખીને પહેલો પાડોશી બોલે, “અલ્યા, હું તો કંઈ બોલ્યો જ નથી. એ તો બે-ત્રણ મુરતિયા જોઈ ગયા અને તેમને કોણ જાણે કેવી રીતે ખબર પડી ગઈ કે છોકરીને ફેફરું છે. એટલે સામે ચાલીને તેમણે ના કહેવડાવી દીધી!” આ અતિ કડવો સંવાદ સાંભળી છોકરાવાળા ચાલ્યા જતા. તેમના ચાલ્યા ગયા પછી બન્ને વચ્ચે નવેસરથી તું-તું, મેં-મેં થતી. એક જણ કહેતો, “અમને બધી ખબર છે. આ સોસાયટીનો કયો નારદમુનિ એમને ચઢાવે છે! પણ વખત આવ્યે અમે ઈંટનો જવાબ પથ્થરથી આપીશું.”

**બે માણસો આપસમાં રામ-લક્ષ્મણ જેવી આત્મીયતા ધરાવતા હોય, પણ અસલમાં એ દેખાવ માત્ર હોય છે**



મહેણાં-ટોણામાં આપણાં લોકો અવળે હાથે કાન પકડતા હોય છે. ક્યારેક તો લગ્ન થઈ ગયા પછી લોકો અદૃશ્ય એટમ બોમ્બ ફોડે છે. એમાં વધુમાં વધુ નુકસાન છોકરીવાળાને થાય છે. આપણે ત્યાં બે કુટુંબો બારે માસ ભારત-પાકિસ્તાનની જેમ સામસામે ઊભાં હોય છે. આટલું ઓછું હોય તેમ એમાં પાડોશી ઝૂકાવે ત્યારે તો રીતસરનું મહાયુદ્ધ થઈને જ રહે છે!

એક વાર છોકરીવાળા છોકરાને જોવા આવ્યા. એમાં છોકરાની એક આંખ કાણી હતી અને છોકરીને પગે ખોડ હતી. પણ બન્ને પક્ષે લુચ્ચાઈ એ કરી હતી કે એકમેકથી આ વાત છુપાવી હતી. છોકરો ખૂબ માલદાર હતો, એટલે છોકરીવાળા બીજું કંઈ જોતા નહોતા અને તૈયાર થઈ જતા. પણ થયું એવું કે સામેવાળાએ ગીત ગાઈને છોકરાની પોલ ખોલી: “કાણિયાબાબુએ જગ જીત્યો...!” છોકરીવાળા પણ ચૂપ ન બેઠા. તેમણે પણ ગીત દ્વારા જ પોલ ખોલી: “કન્યા ચલે તબ દેખિયો...!” આમ બન્ને પક્ષ પરસ્પરને છેતરવામાં સફળ થઈ ચૂક્યા હતા. પરંતુ મહિલાઓએ તેમના જીવનની દુઃખદ બાબતો છતી કરી દીધી. તેથી બન્ને છેતરાતા બચી ગયા. પાછળથી સાચી વાતની જાણ થઈ ત્યારે વિશ્વાસઘાતના આઘાતમાંથી તેઓ બહાર આવી શક્યા નહીં. બન્નેને જીવનભર એ વાતનો ખેદ રહ્યો કે, “તમે અમારી સાથે દગો કર્યો હતો!” જોકે બન્ને પક્ષે સમાન દગાબાજી આચરી હતી, એટલે માથે પીછોડી ઓઢીને છાનાંમાનાં આંસુ સારવા સિવાય તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. કહેવત છે, “ચોરની માનું કોઠીમાં મોઢું!”

આપણે ત્યાં જન્મકુંડળી મેળવીને લગ્ન કરવાનો રિવાજ પ્રચલિત છે. તેથી ક્યારેક કુંડળી-કપટ પણ આચરાતું હોય છે. માણસો ઘણી વાર કુંડળીના લેખમાં પણ મેખ મારવાનું ચૂકતા નથી. એ અંગે બીજી એક ઘટના જાણવા મળી હતી. એક વ્યક્તિનું અવસાન થયું. એ માણસ પત્નીને બેહદ પ્રેમ કરતો હતો. પરંતુ એ જૂઠું સાબિત થાય એવી ઘટના બની. પત્નીના મૃત્યુ સમયે તે એવી રીતે છાતી કૂટીને આક્રંદ કરવા લાગ્યો કે તે જોઈને ઢીલા-પોચાની છાતી પણ બેસી જાય. પરંતુ એકાએક રુદન અટકાવી તેણે એક સ્ત્રીને બોલાવી અને તેના કાનમાં કંઈક કહ્યું. એણે શું કહ્યું..?

## ધૂપછાંવ

તેણે પેલી સ્ત્રીને કાનમાં કહ્યું: “જોજો, નનામી ઊંચકાય તે પહેલાં પત્નીના બન્ને હાથમાં સોનાની વીંટીઓ છે, તે ઉતારી લેવાનું ભૂલતાં નહીં!” માણસ ભેગું કિંમતી સોનું પણ બળી જાય તેમાં કશું ઔચિત્ય નથી, પરંતુ માણસનું અર્થાકર્ષણ ક્યારેક સાચા સ્નેહને પણ છોભીલું પાડી દે એટલું પ્રબળ હોય છે. છ ફૂટના માણસને બે લીટીમાં સમાવવો હોય તો કહી શકાય– “તુલસી આ સંસારમાં માણસે માણસે ફેર, કોઈના મૂલ કરોડના, ને કોઈ ત્રાંબિયાના તેર.” હમણાં એક મિત્રના પિતાનું અવસાન થયું. તેમણે તમામ લૌકિક રિવાજો બંધ રાખ્યાની જાહેરાત છાપામાં કરી અને સ્વર્ગસ્થના સ્મરણાર્થે બ્લડ બેંક, પ્રાથમિક શાળા, હોસ્પિટલ તથા ગરીબ વિદ્યાર્થીઓને દાન આપ્યું. આવું શ્રાદ્ધ સાચા અર્થમાં કલ્યાણકારી ગણાય. એ મિત્ર યુવાનોને કહે છે, “માબાપ મરે પછી જ્ઞાતિને લાડુ અને દૂધપાક જમાડવાને બદલે આખી જિંદગી માબાપને પ્રેમથી સારું ભોજન જમાડો.” પણ આપણે એવું કરતાં નથી. વૃદ્ધો ઘડપણમાં બંધ હોઠે ઘણું રિબાઈને જીવતા હોય છે. સંતાનો ઘરડાંઓને પ્રેમથી પાશેર ખમણ પણ ખવડાવતા નથી, અને મર્યા પછી આખી જ્ઞાતિને જમણ આપે છે. આ ‘ખમણ’ અને ‘જમણ’ વચ્ચે લોકોનો ફૂલસાઈઝનો દંભ રહેલો છે. એ ક્યારે દૂર થશે?